રાજ્ય સરકારની નોકરીઓમાં મહિલાઓ માટે
અનામત જગાઓ રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ.
ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૦૧/૦૮/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) સા.વ.વિ.ના તા.૦૯/૪/૯૭ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૯૭/૧૩/સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ.૨
(૨) સા.વ.વિ.ના તા.૦૯/૪/૯૭ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૯૭/૧૪/સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ.૨
(૩) સા.વ.વિ.ના તા.૨૪/૫/૯૭ના પરિપત્ર ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨
(૪) સા.વ.વિ.ના તા.૨૬/૮/૯૭ના પરિપત્ર ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨
(૫) સા.વ.વિ.ના તા.૩૧/૮/૨૦૦૪ના પરિપત્ર ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨
(૬) સા.વ.વિ.ના તા.૫/૭/૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૨૦૦૬/૧૬/સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ.૨
(૭) સા.વ.વિ.ના તા.૧૪/૬/૨૦૧૨ના જાહેરનામાક્રમાંક: જીએસ/૨૦૧૨/૧૨/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨
(૮) સા.વ.વિ.ના તા.૧૧/૧૧/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૨૦૧૪/૩૭/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨.(ભાગ-૧)
(૯) સા.વ.વિ.ના તા.૧૧/૧૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨.(ભાગ-૧)
(૧૦) સા.વ.વિ.ના તા.૧૩/૧૦/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૨૦૧૫/૩૨/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨.(ભાગ-૧)

**ઠરાવ**

સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામાંથી રાજ્ય સરકાર હેઠળની તમામ સેવાઓ અને જગાઓ ઉપર મહિલાઓની સીધી ભરતીથી નિમણૂંકો માટે ૩૦% અનામત રાખવા બાબતેના નિયમો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૮) ના તા.૧૧/૧૧/૨૦૧૪ના જાહેરનામાંથી મહિલાઓની સીધી ભરતીથી નિમણૂંકો માટે ૩૩% અનામત રાખવા અંગેનો સુધારો કરવામાં આવેલ છે. ઉપરાંત સરકારી નોકરીમાં સીધી ભરતીના તબક્કે મહિલાઓને ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના જાહેરનામાંથી વય મર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૬), (૭) અને (૧૦) ના જાહેરનામાથી નિયમોમાં જરૂરી સુધારા કરવામાં આવેલ છે. તેમજ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૩), (૪) અને (૫)ના પરિપત્રો અને ક્રમાંક (૯) ના ઠરાવથી કેટલીક સ્પષ્ટતાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ઉક્ત વિગતે મહિલાઓ માટે રાખવામાં આવેલ અનામત જગા તથા ઉપલી વય-મર્યાદામાં છુટછાટ આપવા અંગે ઉપર મુજબ થયેલ હુકમોના સંદર્ભમાં સરકારશ્રી સમક્ષ કેટલાક મુદ્દા ઉપસ્થિત થયા હતા. આ બાબતે કાળજીપૂર્વક વિચારણા કરી ઉપસ્થિત થયેલ મુદ્દાઓ અંગે જરૂરી સ્પષ્ટતાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ પરંતુ થયેલ સુધારા અને ભરતી એજન્સીઓને ભરતી સમયે ઉપસ્થિત થયેલ અન્ય મુદ્દાઓ બાબતે કેટલીક સ્પષ્ટતાઓ પ્રસિધ્ધ કરવાની થતી હોવાથી નીચે મુજબ તમામ મુદ્દાઓને આવરી લેતી અદ્યતન સંકલિત સ્પષ્ટતાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

| અ.નં. | મુદ્દો | સ્પષ્ટીકરણ |
|---|---|---|
| ૧. | મહિલાઓના અનામત કોટામાં મહિલાઓને કઈ રીતે સ્થાન આપવું ? | સંબંધિત અનામતના વર્ગમાં આવતા હોય તેવા ઉમેદવારોની સંખ્યા તારવીને અને આવી યાદીમાંના ઉમેદવારોની સંખ્યા મહિલાઓ માટેના ખાસ અનામત કોટા માટેની સંખ્યા જેટલી હોય કે તેથી વધુ હોય, તો મહિલાઓ માટેના અનામત કોટા માટે ત્યારબાદ વધુ (ફરીથી) પસંદગી કરવી જરૂરી રહેશે નહિ. આવા કોઇ વર્ગમાં મહિલા ઉમેદવારોની ઘટ હોય, તો જ તેવા વર્ગને લગતી સંબંધિત કેટેગરીની યાદીના અંતથી તદ્-અનુરૂપ સંબંધિત કેટેગરી (ST/SC/SEBC/General) ના પુરૂષ ઉમેદવારોની સંખ્યા કમી કરી નિયત કરેલ માપદંડ ઘટાડીને, આવા વર્ગની હોય તેવી મહિલાઓની જરૂરી સંખ્યાથી જગ્યા ભરી સંબંધિત |

| | | |
|---|---|---|
| | | કેટેગરીની મહિલા ઉમેદવારથી જગ્યા ભરવાની થશે. |
| ૨. | મહિલાઓના જો કોઇ કિસ્સામાં અનામત બેઠક પર મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તેવી બેઠક કોને ફાળવવી ? | મહિલા માટેની કુલ અનામત બેઠક જેટલી મહિલા ઉપલબ્ધ ન થાય તે સંજોગોમાં તેવી બેઠક જે જાતિ માટે અનામત હોય તે જાતિના પુરૂષ ઉમેદવારને ફાળવી શકાશે. તે જ પ્રમાણે જો કોઇ જાતિ માટે બેઠક અનામત ન હોય તો બિન-અનામત કક્ષાના પુરૂષ ઉમેદવારને બેઠક ફાળવી શકાશે. |
| ૩. | જે પ્રમાણે અનુ.જાતિ/જનજાતિ વગેરે માટે રોસ્ટર પ્રથા દાખલ કરેલ છે. તે પ્રમાણે આ અનામતના સંદર્ભમાં રોસ્ટર ક્રમાંક નિયત કરવામાં આવ્યો છે કે કેમ ? | દર ૧૦ બેઠકે ૩.૩ બેઠક મહિલાઓ માટે અનામત રાખવાની થાય છે. પરંતુ બેઠકની ગણતરી કરતી વખતે પૂર્ણાંક સંખ્યા ધ્યાને લઈ ગણતરી કરવાની રહેશે. એટલે કે, જો કુલ ૨૦ બેઠકો હોય તે સંજોગોમાં મહિલાઓ માટે ૬.૬ બેઠકો અનામત રાખવાની/ફાળવવાની થાય. પરંતુ પૂર્ણાંક સંખ્યા ધ્યાને લેતા ૬ બેઠકો સંબંધિત કેટેગરીમાં મહિલા માટે ગણતરી કરવાની થશે અને અપૂર્ણાંક સંખ્યાની ગણતરી માટેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે અને પછીના ભરતી પ્રસંગે સંબંધિત કેટેગરીની મહિલાઓ માટેની બેઠકની અનામતના અપૂર્ણાંકને આગળ ખેંચવાનો રહેશે અને આ અપૂર્ણાંક જ્યારે પૂર્ણાંક બને ત્યારે તેની ગણતરી કરી મહિલાઓ માટેની અનામતની જગ્યા ભરવાની રહેશે. આ પ્રમાણે બેઠકની ગણતરી અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા. અને શૈ. રીતે પ. વર્ગો અને અન્ય માટે પણ આ પ્રમાણે અલગ અલગ ગણવાની રહેશે. |
| ૪. | જો કોઇ પ્રસંગે અનામત બેઠક ઉપર પૂરતી સંખ્યામાં મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તેવી મહિલા માટેની અનામત જગ્યા બાકી આગળ ખેંચવામાં આવશે કે કેમ ? | ના. પરંતુ ઉપર મુદ્દા નં.૩ માં જણાવ્યા પ્રમાણે કોઇ ભરતી પ્રસંગે પૂર્ણાંક કરતાં ઓછી બેઠક ભરવાની થતી હોય તો આવી ન ભરાયેલી અપૂર્ણાંક જગાની ગણતરી પછીના ભરતી પ્રસંગે કરવાની રહેશે. પરંતુ જ્યારે જગા અનામત જાહેર કરવામાં આવેલી હોય તેવે પ્રસંગે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તેવી જગા ઉપર મુદ્દા નં.૨ માં જણાવ્યા અનુસાર જે તે કેટેગરીના પુરૂષ ઉમેદવારને બેઠક ફાળવી આપવામાં આવશે અને આવા સંજોગોમાં આગામી વર્ષમાં આવી જગા આગળ ખેંચવાની રહેશે નહી. |
| ૫. | શારીરિક ખોડખાંપણ અને માજી સૈનિકો માટે જે બેઠક અનામત રાખવામાં આવેલી હોય તેમાં મહિલા ઉમેદવારને અનામતનો લાભ મળી શકે કે કેમ ? | હા. જી. |
| ૬. | રાજ્ય સરકાર દ્વારા નિયંત્રિત અને સંચાલિત બોર્ડ, કોર્પોરેશન, યુનિવર્સિટી વગેરે સંસ્થાઓમાં આ હુકમો લાગુ પડશે કે કેમ ? | હા. જી, રાજ્ય સરકાર સંચાલિત બોર્ડ, કોર્પોરેશન, યુનિવર્સિટી વગેરે સંસ્થાઓ હસ્તકની સેવાઓમાં મહિલા અનામતના હુકમો લાગુ પડશે. |
| ૭. | જો કોઇ મહિલા ઉમેદવાર મેરીટને ધોરણે પસંદગી પામે તો તેને મહિલાની અનામત જગા સામે ગણવાની રહેશે કે કેમ ? | હા.જી. કુલ જગાના ૩૩ ટકા જગા મહિલા ઉમેદવારોથી ભરવાનો સરકારનો ઉદ્દેશ છે. આથી ૩૩ ટકા જગા પર ભરતી કરતી વખતે મેરીટને ધોરણે દાખલ થયેલા હોય તેવા ઉમેદવારની ગણતરી કરી ૩૩ ટકા જગ્યા પર જેટલા મહિલા ઉમેદવારો ખૂટતા હોય તેટલા મહિલા ઉમેદવારો અનામતના ધોરણે દાખલ થઈ શકશે. |
| ૮. | વિધવા મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાની થાય છે કે કેમ ? જો હા. તો તે માટે શું સિદ્ધાંતો અનુસરવાના રહેશે. | વિધવા મહિલા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવાની થાય છે જે માટે નીચેના સિધ્ધાંતો અનુસરવાના રહેશે. :-<br>(૧) જે જગા માટે માત્ર સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિથી ભરતી કરાતી હોય તે જગા પર વિધવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમણે સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ ટકા ગુણ, મેળવેલ ગુણમાં ઉમેરી પસંદગીયાદી તૈયાર કરવાની રહેશે. તે જ પ્રમાણે માત્ર ઉમેદવારની રૂબરૂ મુલાકાતને આધારે જ જગા પર પસંદગીથી ભરતી કરાતી હોય તેવી જગાની બાબતમાં પણ ઉમેદવારે રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના ૫ |

| | | |
|---|---|---|
| | | ટકા ગુણ. મેળવેલ ગુણમાં ઉમેરવાના રહેશે.<br><br>(૨) જે કિસ્સામાં સ્પર્ધાત્મક પરીક્ષા અને રૂબરૂ મુલાકાત બંનેની જોગવાઇ હોય તે કિસ્સામાં ઉપર ક્રમ (૧) મુજબ દરેક તબક્કે ૫ ટકા ગુણ ઉમેરી પસંદ થયેલા ઉમેદવારની પસંદગીયાદી તૈયાર કરવાની રહેશે.<br><br>(૩) જે કિસ્સામાં પરીક્ષામાં બેસવા અથવા તો ઇન્ટરવ્યુ આપવા માટે એસ.એસ.સી. વગેરે લાયકાતની પરીક્ષામાં મેળવેલ ગુણને આધારે પાત્રતા નક્કી થતી હોય તેવા કિસ્સામાં પાત્રતા નક્કી કરવાના હેતુસર ગુણની જરૂરીયાતમાં ૫ ટકાની છુટ મુકવાની થશે.<br><br>(૪) ઉપર (૧) થી (૩) મુજબનો માત્ર લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે, જેમણે ભરતી તથા નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલ ન હોય. |
| ૯. | અનુસૂચિત જાતિ/અનુસૂચિત જન જાતિ / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને ઉપલી વય-મર્યાદામાં પાંચ વર્ષ સુધી છુટછાટ મળવાપાત્ર છે. આ જાતિની મહિલાઓને તે પાંચ વર્ષની છુટછાટ ઉપરાંત તા.૯/૪/૯૭ના હુકમોથી મળવાપાત્ર ઉપલી વય-મર્યાદામાં બીજા પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે કે કેમ ? | હા. જી. પરંતુ મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં આ લાભ મળવાપાત્ર થશે. |
| ૧૦. | શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યક્તિઓને (દિવ્યાંગ ઉમેદવાર) વય-મર્યાદામાં મળવાપાત્ર છુટછાટ ઉપરાંત તા.૯/૪/૯૭ના હુકમોથી મળવાપાત્ર ઉપલી વય-મર્યાદામાં છુટછાટ મહિલાઓના કિસ્સામાં મળવાપાત્ર થાય કે કેમ ? | હા. જી. પરંતુ મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં આ લાભ મળવાપાત્ર થશે. |
| ૧૧. | માજી સૈનિકને વય-મર્યાદામાં મળવાપાત્ર છુટછાટ ઉપરાંત તા.૯/૪/૯૭ના હુકમોથી મળવાપાત્ર ઉપલી વય-મર્યાદામાં છુટછાટ મહિલાઓના કિસ્સામાં મળવાપાત્ર થાય કે કેમ ? | હા.જી. |
| ૧૨. | જો મેરીટના આધારે અ.જા./અ.જ.જા./ સા.શૈ.પ.વર્ગની મહિલા જનરલ કોટામાં પસંદગી પામે તો તેને જનરલ મહિલાના કોટામાં અનામત તરીકે ગણવાની કે સંબંધિત કેટેગરીની મહિલા અનામત સામે ગણતરી કરવાની થશે ? | જો મેરીટના આધારે અ.જા./અ.જ.જા./સા.શૈ.પ.વર્ગની મહિલા જનરલ કોટામાં પસંદગી પામે તો તેને સંબંધિત કેટેગરીની મહિલા અનામત તરીકે ગણવી પરંતુ, રોસ્ટર ક્રમાંકમાં જનરલ ઉમેદવાર તરીકે ધ્યાને લેવાની થશે અને મહિલા અનામતના રજીસ્ટરમાં સંબંધિત કેટેગરી (ST/SC/SEBC)ની મહિલા તરીકે ગણાશે. એટલે કે, સંબંધિત કેટેગરી (ST/SC/SEBC) મહિલાની અનામતના પ્રતિનિધિત્વ તરીકે ધ્યાને લેવાનું રહેશે. |
| ૧૩. | જો ક્રમાંક (૧૨) મુજબ મેરીટના ધોરણે પસંદ પામેલ સંબંધિત કેટેગરીની મહિલા અનામત તરીકે ગણવાની થાય તો સંબંધિત કેટેગરીની તેટલી જગ્યા ઓછી ભરવાની થશે. | ના. મેરીટના ધોરણે પસંદ થયેલ સંબંધિત કેટેગરીની મહિલા સંબંધિત કેટેગરીમાં ગણાશે પરંતુ સંબંધિત કેટેગરી (ST/SC/SEBC)ની જગ્યા ખાલી ગણાશે. (દા.ત. કોઇ જગ્યાની જાહેરાતમાં અનુસુચિત જાતિની કુલ અનામત જગ્યા ૧૭ હોય તો તેમાંથી અ.જા.ની મહિલા ઉમેદવારની અનામત માટે ૫ જગ્યા ફાળે આવે જો અ.જા.ની બે મહિલા કોમન મેરીટના ધોરણે ઉપલબ્ધ થાય/પસંદ પામે તો બાકીની ત્રણ અ.જા.ની મહિલાની પસંદગી કરવાની રહે. આ માટે પ્રથમ અ.જા.નું કુલ મેરીટ લીસ્ટ બનાવવાનું અને તેમાં ધારો કે ત્રણ મહિલા ઉપલબ્ધ થાય તો અ.જા.ની મહિલાઓનું પ્રતિનિધિત્વ પૂર્ણ થયેલ ગણાશે. પરંતુ, જો બે |

| | | |
|---|---|---|
| | | મહિલા ઉપલબ્ધ થાય તો અ.જા.ની એક મહિલા ઉમેદવાર ખુટે આ માટે છેલ્લા અ.જા.ના. પુરૂષના સ્થાને નિયત કરેલ માર્કસનું ધોરણ ઘટાડી અ.જા.ની. એક મહિલાને સ્થાન આપવાનું થશે. તદ્-અનુસાર અન્ય કેટેગરીની ગણતરી કરવાની રહેશે.<br>ઉપરાંત અ.જા.ની બે મહિલા કોમન મેરીટના ધોરણે ઉપલબ્ધ થયેલ/પસંદગી પામેલ છે. જેનો અ.જા.ની મહિલાના પ્રતિનિધિત્વમાં સમાવેશ કરેલ છે. પરંતુ અ.જા.નું કુલ પ્રતિનિધિત્વમાં જેટલા ઉમેદવાર કોમન મેરીટના ધોરણે ઉપલબ્ધ થયેલ/પસંદગી પામેલ હોય તેટલા ઉમેદવાર જનરલ કેટેગરીમાં ગણવાના થતા હોવાથી અ.જા.ના. કુલ ૧૭ પૈકી ખુટતા ઉમેદવાર નિયત કરેલ માર્કસનું ધોરણ ઘટાડી પસંદ કરવાના થાય. |

ઉપરોક્ત સૂચનાઓ રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળના બોર્ડ/કોર્પોરેશન/યુનિવર્સિટી/તમામ નિમણૂંકી સત્તાધિકારીઓને વગેરેના ધ્યાન ઉપર લાવવા અને સરકારના ઉપરોક્ત હુકમોનું ચુસ્તપણે પાલન કરાવવા સંબંધિત વિભાગોને આથી સૂચનાઓ આપવામાં આવે છે. અને તેના ચુસ્ત અમલની સઘળી જવાબદારી નિમણૂંકી સત્તાધિકારીની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જ્વલંત ત્રિવેદી)
અધિક સચિવ (ક.ગ)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગાંધીનગર (કર્મયોગી ભવન, સેક્ટર-૧૦-એ)
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો. **(તેમના તાબાના ખાતાના વડાઓ/કચેરીના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)**
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/ અધિકારીઓ
પસંદગી ફાઇલ
*પત્ર દ્વારા

સીધી ભરતીમાં રાખવામાં આવતી
પ્રતિક્ષાયાદીની મુદત અને ઉપયોગ
બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૭ /૦૭/૨૦૧૮

વંચાણે લીધા:- (૧) સા.વ.વિ.નો તા.૨૦/૨/૧૯૯૮ નો પરિપત્ર ક્રમાંક:પીએસસી-૧૦૮૯/૩૯૧૦/ગ-૨.

(૨) સા.વ.વિ.નો તા.૧૬/૬/૧૯૯૯ નો પરિપત્ર ક્રમાંક:પીએસસી-૧૦૮૯/૩૯૧૦/ગ-૨.

(૩) સા.વ.વિ.નો તા.૨૪/૧૨/૨૦૦૮ નો પરિપત્ર ક્રમાંક:પીએસસી-૧૦૮૯/૩૯૧૦/ગ-૨.

(૪) ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ પર્સોનલ પબ્લિક ગ્રીવન્સીસ એન્ડ પેન્શનના તા.૧૩/૬/૨૦૦૦ ના ઓફિસ મેમોરેન્ડમ નં. ૫૧૦૧૯/ ૧૮/૯૭-ઇએસટી(બી)

(૫) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૦/૮/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક પીએસસી-૧૦૮૯/૩૯૧૦/ગ-૨.

<u>આ મુ ખ:</u>

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને ક્રમાંક (૨) સામેના અનુક્રમે તા.૨૦/૨/૧૯૯૮ અને તા.૧૬/૬/૧૯૯૯ ના પરિપત્રો રદ કરીને સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામેના તા.૨૪/૧૨/૨૦૦૮ ના પરિપત્રથી રાજય સરકાર હેઠળની સેવા/જગ્યા પર સીધી ભરતીથી ભરાતી જગ્યાઓના કિસ્સામાં પ્રતિક્ષાયાદીની મુદત તથા પ્રતિક્ષાયાદીના ઉપયોગ અંગે સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. રાજયની વિવિધ કચેરીઓમાં મોટા પ્રમાણમાં ખાલી રહેલ જગ્યાઓના કારણે અનુભવાતી અધિકારીઓ/કર્મચારીઓની ખેંચને ધ્યાને લઇને રાજય સરકારે નિયમિત અને સમયબધ્ધ રીતે ભરતી કરવા માટે ૧૦ વર્ષનું ભરતી કેલેન્ડર કરી ભરતી પ્રક્રિયા અમલમાં મુકેલ છે. આ ભરતી પ્રક્રિયાના પરિણામે વિવિધ વિભાગોની વિવિધ સંવર્ગની જગ્યાઓમાં એકી સાથે ભરતી શરૂ થયેલ છે અને ઉમેદવારોને એકી સાથે વધુ નોકરીની તકો ઉપલબ્ધ થયેલ છે. પરિણામ સ્વરૂપે એક સંવર્ગમાં ભરતી થયેલ ઉમેદવાર અન્ય સંવર્ગમાં

નિમણૂંક થતાં મૂળ સંવર્ગ છોડી જતા હોવાથી ભરતી પ્રક્રિયાના અંતે વર્ગ-૩ ના સંવર્ગની જગ્યાઓ વધુ પ્રમાણમાં ખાલી રહેવા પામે છે.

સીધી ભરતીના સંદર્ભમાં તા.૨૪/૧૨/૨૦૦૮ ના ઠરાવથી નિયત થયેલ રાજય સરકારની નીતિ અનુસાર જો કોઇ સીધી ભરતીનો ઉમેદવાર નિમણૂંકની જગ્યાએ હાજર ન થાય તો જ આવી જગ્યાને ખાલી જગ્યા તરીકે ગણી પ્રતિક્ષાયાદી પરના ઉમેદવારને નિમણૂંક આપી જગ્યા ભરી શકાય. પરંતુ, જો કોઇ ઉમેદવાર નવી નિમણૂંકની જગ્યાએ હાજર થયા બાદ રાજીનામું આપીને સંવર્ગ છોડી જાય તો આવી રાજીનામાના કારણે ખાલી પડતી જગ્યાને નવી જગ્યા તરીકે ગણવાની જોગવાઇ છે.

ઉપર્યુક્ત સંજોગોમાં વંચાણ હેઠળના ક્રમાંક (૪) સામેની ભારત સરકારની તા:૧૩-૦૬-૨૦૦૦ની કચેરી યાદી ક્રમાંક:૪૧૦૧૯૧૮/૯૭ઈએસટી (બી)ની સૂચનાઓને ધ્યાને લઈ, વંચાણ હેઠળના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૦-૦૮-૨૦૧૬ના ઠરાવથી વર્ગ-૩ના કિસ્સામાં પ્રતિક્ષાયાદીના ઉપયોગ તથા તેનું કદ કેટલું રાખવું તે સંબંધે કાર્યપદ્ધતિ નિયત કરેલ છે જેને તમામ વર્ગના કિસ્સામાં પ્રતિક્ષાયાદી સંદર્ભની સૂચનાઓ લાગુ પાડવા બાબત તેમજ જ્યાં એકથી વધુ સંવર્ગની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા યોજાય છે તેવી ભરતીમાં વધુ સંવર્ગ/વર્ગ હોવાથી ખાલી પડતી જગ્યાઓ પ્રતિક્ષાયાદી પરથી ભરવા માટે પુનઃ ફાળવણીની પ્રક્રિયા જટિલ અને મુશ્કેલ બની જાય છે. પરિણામે કોર્ટ કેસો પણ થવા પામે છે, તે બાબત ધ્યાને લઈ હાલની પ્રવર્તમાન સૂચનાઓને સંકલિત કરી નવેસરથી સૂચનાઓ પ્રસિદ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠ રા વ

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે પ્રતિક્ષાયાદીની મુદત અને પ્રતિક્ષાયાદીની ઉપયોગ અંગે નીચે મુજબની કાર્યપદ્ધતિ અનુસરવાનું આથી ઠરાવવામાં આવે છે.

### પ્રતિક્ષાયાદીની સમયમર્યાદા:

(૧) કોઇ એક જ સંવર્ગમાં ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં અથવા સીધી પસંદગીથી ભરતીના કિસ્સામાં પ્રતિક્ષાયાદીની મુદત બે વર્ષ અથવા તો તે પછીની પરીક્ષાનું પરિણામ જાહેર થાય તે બે પૈકી જે વહેલું હોય તેના આગલા દિવસ સુધી (કચેરી સમય સુધી જ) અમલમાં રહેશે.

(૨) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભલામણ કરાયેલા ઉમેદવારોને નિમણૂંક આપવા અંગેની સઘળી કાર્યવાહી ભલામણની તારીખથી બે માસમાં પૂર્ણ કરવાની તથા તે અંગેની

આયોગને વિગતવાર જાણ કરવા અંગેની સૂચનાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬-૦૧-૧૯૬૯ અને તા.૧૨-૦૨-૧૯૭૦ના પરિપત્ર ક્રમાંક:પીએસસી-૧૦૬૮/૬૫૬૪/જી થી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવામાં આવે અને નિમણૂંકો આપવામાં શક્ય તેટલો ઓછો સમય લેવાય તે જરુરી છે, પરંતુ કોઈપણ સંજોગોમાં આ સમય છ માસથી વધવો જોઈએ નહીં. કોઈ ખાસ કિસ્સામાં તેમ ન બની શકે તો જે તે વિભાગ દ્વારા જરૂરી કારણો સહિત તેવી બાબતોની જાણ અચૂકપણે આયોગને કરવાની રહેશે. વધુમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતી માટે ભલામણ કરવામાં આવેલ ઉમેદવારોને વધુમાં વધુ છ માસમાં નિમણૂંક આપી દેવાની રહેશે,પરંતુ કોર્ટ સમક્ષ કોઇ પડતર વિવાદ, મનાઈહુકમ, ચૂંટણીની આચારસંહિતાનો અમલ કે કોઈ બીજા અનિવાર્ય વહીવટી કારણોસર પસંદગી યાદી પરના ઉમેદવારોને નિમણૂંક આપવામાં જો છ માસ કરતાં વધુ સમય જાય તો તેવા સંજોગોમાં પસંદગી યાદી પરના છેલ્લા ક્રમાંકના ઉમેદવારનો નિમણૂંક હુકમ જે તારીખે કરવામાં આવે તે તારીખથી દોઢ વર્ષ અથવા તો તે પછીની પરીક્ષાનું પરિણામ જાહેર થાય તે પૈકી જે વહેલું હોય તેના આગલા દિવસ સુધી (કચેરી સમય સુધી જ) પ્રતિક્ષાયાદી અમલમાં રહેશે.

(૩) પ્રતિક્ષાયાદીની બે વર્ષની મુદતની શરુઆત ગુજરાત જાહેર સેવા આયોગે ભલામણ કર્યા તારીખથી ગણવાની રહેશે.

<u>પ્રતિક્ષાયાદીનો ઉપયોગ:</u>

(૧) કોઇ એક જ સંવર્ગમાં ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં અથવા સીધી પસંદગીથી ભરતીના કિસ્સામાં આયોગે ભલામણ કરેલ ઉમેદવાર પૈકી જો કોઇ ઉમેદવાર હાજર ન થાય તો વિભાગ તેટલી જ સંખ્યામાં પ્રતિક્ષાયાદી પરથી ઉમેદવારોની માગણી કરી શકશે.

(૨) કોઇ એક જ સંવર્ગમાં ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા અથવા સીધી પસંદગીથી ભરવાની થતી રાજ્ય સરકારની તમામ સેવા/જગ્યાઓમાં આયોગ અથવા નિયત ભરતી પસંદગી મંડળ દ્વારા ભલામણ કરેલ ઉમેદવાર હાજર થયા બાદ એક વર્ષમાં રાજીનામું આપીને અથવા અવસાન કે અન્ય કારણોસર નોકરી છોડી જાય અથવા અન્ય કારણસર ફરજમુક્ત થાય અને જગ્યા ખાલી પડે તો તે જગ્યા પ્રતિક્ષાયાદી પરના ઉમેદવારોમાંથી ભરી શકાશે. પરંતુ સીધી પસંદગીમાં સમાવિષ્ટ તબીબી અને શૈક્ષણિક પ્રકારની જગ્યાઓમાં ગતિશીલતા વધુ હોય છે. આથી સીધી ભરતીના આવા કિસ્સામાં આયોગે ભલામણ કરેલ ઉમેદવાર હાજર ન થાય તો તે જગા ભરવા તેમજ ઉમેદવાર હાજર થયા બાદ

અજમાયશી સમય દરમ્યાન અવસાન/ રાજીનામું આપીને કે અન્ય કારણોસર ફરજમુક્ત થાય અને જગા ખાલી પડે તો તે પુરવા માટે જ સંબંધિત વિભાગ પ્રતિક્ષાયાદીની નિયત થયેલ મુદત સુધીમાં પ્રતિક્ષાયાદી પરથી ઉમેદવારોની માંગણી કરી શકશે.

(૩) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભલામણ કરવામાં આવેલ ઉમેદવાર શૈક્ષણિક લાયકાત, અનુભવ, જાતિ પ્રમાણપત્ર કે અન્ય કારણસર નિમણૂંકને પાત્ર ન બને ત્યારે ખાલી રહેતી જગ્યા માટે સંબંધિત વિભાગ પ્રતિક્ષાયાદી પરથી ઉમેદવારની માંગણી કરી શકશે.

(૪) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભલામણ કરવામાં આવેલ ઉમેદવારનું અવસાન નિમણૂંક આપતાં પહેલાં થવાના પ્રસંગે સંબંધિત વિભાગ પ્રતિક્ષાયાદી પરથી ઉમેદવારની માંગણી કરી શકશે.

(૫) કોઇ એક જ સંવર્ગમાં ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા અન્વયે તથા સીધી પસંદગીથી ભરતી અન્વયે પ્રતિક્ષાયાદીનું કદ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના ૨૦% રાખવાનું રહેશે. પરંતુ જો જાહેરાતમાં કેટેગરી વાઇઝ ૦૧ થી ૧૦ જગ્યાઓ હોય, તો કેટેગરીવાઇઝ ઓછામાં ઓછા ૦૨ ઉમેદવારોની પ્રતિક્ષાયાદી અવશ્ય બનાવવાની રહેશે.જો કેટેગરી વાઇઝ જગ્યાની સંખ્યા ૧૦ થી વધુ હોય તો જગ્યાની સંખ્યાના ૨૦% જેટલા ઉમેદવારોની પ્રતિક્ષાયાદી બનાવવાની રહેશે. જગ્યાની સંખ્યા સામે ૨૦% પ્રમાણે ગણતરી કરતા જો સંખ્યા અપૂર્ણાંકમાં આવે, તો નજીકની ઉપરની પૂર્ણાંક સંખ્યાને ધ્યાને લઈ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાની રહેશે. (દા.ત. કોઇ એક કેટેગરીમાં ૧૨ જગ્યાઓ હોય તો ૧૨ ના ૨૦% લેખે પ્રતિક્ષાયાદીનું કદ ૨.૪ થશે, તે સંજોગોમાં તે કેટેગરી માટે ઉપરની પૂર્ણાંક સંખ્યા ધ્યાને લઈ ૦૩ ઉમેદવારોની પ્રતિક્ષાયાદી બનાવવાની રહેશે.) પ્રતિક્ષાયાદીનું કદ નિર્ધારીત કરવા જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઇઝ સંખ્યાને ધ્યાને લેવાની રહેશે. જે ઉમેદવારોનો સમાવેશ સફળ ઉમેદવારોની યાદીમાં અથવા પ્રતિક્ષાયાદીમાં થઈ શક્યો ન હોય, તે ઉમેદવારોને અસફળ ઉમેદવારોની યાદીમાં દર્શાવવાના રહેશે.

(૬) પસંદગી યાદીના ઉમેદવારને નિમણૂંક આપવામાં આવે અને જો તે હાજર ન થાય અથવા એક વર્ષમાં રાજીનામું આપીને અથવા અવસાન કે અન્ય કારણોસર નોકરી છોડી જાય અથવા અન્ય કારણસર ફરજમુક્ત થાય તો જે જગ્યાઓ ખાલી પડે તે જે કેટેગરીની હોય તે તે જ કેટેગરી માટેની પ્રતિક્ષાયાદીમાંથી ઉમેદવારના નામો મેળવી નિમણૂક કરવાની રહેશે.

(૭) આ સૂચનાઓ તાત્કાલિક અસરથી અમલમાં આવશે. રાજ્ય સરકારની સેવા/જગ્યાઓ ભરવાની જાહેરાત પ્રસિદ્ધ થઈ ગયેલ હોય પરંતુ પસંદગી યાદી પ્રસિદ્ધ ના થઈ હોય તેવી ભરતીમાં ૨૦% પ્રતિક્ષાયાદીની આ જોગવાઈ લાગુ પડશે અને જાહેરાતમાં તે મુજબનો જરૂરી સુધારો કરવાનો રહેશે.

## કોને લાગુ પડશે :

( ૧) રાજ્ય સરકારની તમામ સેવાઓ/જગ્યાઓ બાબતે જાહેરનામાથી પ્રસિદ્ધ કરાયેલ ભરતી નિયમો/પરીક્ષા નિયમોમાં ઉપરોક્ત સૂચનાઓથી વિપરીત કોઈ સૂચના હોય અથવા પ્રતિક્ષાયાદીની જોગવાઈ ન હોય તો તેને પણ ઉપરોક્ત સૂચનાઓ લાગુ પડશે અને ભરતી નિયમો/પરીક્ષા નિયમોમાં જરૂરી સુધારો સત્વરે કરવાનો રહેશે.

(૨) રાજ્ય સરકારની એક જ સેવા/જગ્યા ઉપર ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા અને સીધી પસંદગીથી ભરતીથી થતી નિમણૂકના કિસ્સામાં પ્રતિક્ષાયાદી બનાવવાની રહેશે.

(૩) રાજ્ય સરકારની જે સેવાઓ/જગ્યાઓ ઉપર સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે કોઇ એકથી વધુ વર્ગ/સંવર્ગની સંયુક્ત પસંદગી યાદી તૈયાર કરી નિમણૂંક આપવાની થતી હોય તેવા કિસ્સામાં ફક્ત સંયુક્ત પસંદગી યાદી તૈયાર કરવાની રહેશે, પરંતુ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાની રહેશે નહીં.

## પ્રતિક્ષાયાદીમાંથી નામો મેળવવાની દરખાસ્ત:

પ્રતિક્ષાયાદીમાંથી નામ મંગાવવા અંગેનો સરકારનો પત્ર આયોગની કચેરીને પ્રતિક્ષાયાદીની નિયત થયેલ મુદતમાં મળશે તેવા કિસ્સાઓમાં આયોગ પ્રતિક્ષાયાદીમાંથી નિમણૂંક કરવા માટે ઉમેદવારોની ભલામણ કરશે.

## અન્ય જોગવાઈ:

(૧) રાજ્યમાં ગુજરાત જાહેર સેવા આયોગના ક્ષેત્રાધિકાર સિવાયની જગ્યાઓ માટે પણ અન્ય ભરતી એજન્સીઓ દ્વારા ઉમેદવારોની પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવે છે. ગુજરાત જાહેર સેવા આયોગના ક્ષેત્રાધિકાર સિવાયની અન્ય તમામ જગ્યાઓ માટે પણ ઉપરોક્ત જોગવાઈ લાગુ પડશે.

(૨) આ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી જે જગ્યાઓ/સેવા માટે સીધી ભરતી અંગેની જાહેરાત પ્રસિધ્ધ થાય તેવા કિસ્સામાં પ્રતિક્ષાયાદી અંગેના આ ઠરાવની જોગવાઇ લાગુ પડશે. આ ઠરાવ પ્રસિધ્ધ થયા પૂર્વેની જે સીધી ભરતીથી જગ્યા ભરવા અંગેની જાહેરાત થઈ ચુકેલ છે તેવા કિસ્સામાં પ્રતિક્ષાયાદી અંગે અગાઉની સુચના લાગુ પડશે.

આ હુકમોનો ચૂસ્ત અમલ કરવા આથી સચિવાલયના સર્વે વિભાગો, તમામ ભરતી એજન્સીઓ તેમજ ખાતા/કચેરીના વડાઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જ્વલંત ત્રિવેદી)
અધિક સચિવ (ક.ગ)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર. (કર્મયોગી ભવન, સેક્ટર-૧૦-એ)
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો. (તેમના તાબાના ખાતાના વડાઓ/કચેરીના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/ અધિકારીઓ
પસંદગી ફાઇલ
*પત્ર દ્વારા

માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત,અરજી ફી
અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ અંગે.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક : આરઈએસ-૧૦૮૫-૩૪૩૩-ગ.૨
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૯/૦૭/૨૦૧૮

<u>વંચાણે લીધાં:</u>

(૧) સા.વ.વિ.નો ઠરાવ ક્રમાંક : આરઈઓ-૧૦૬૮-ગ, તા.૧૭/૦૯/૧૯૬૮
(૨) સા.વ.વિ.નો ઠરાવ ક્રમાંક : આરઈએસ-૧૧૭૫-૧૦૬૦-ગ. તા.૦૧/૦૯/૧૯૭૫
(૩) સા.વ.વિ.ના જાહેરનામા ક્રમાંક : જીએસ/૨૦૧૮-(૨)-આરઈએસ-૧૦૮૫-૩૪૩૩-ગ.૨, તા.૨૨/૦૧/૨૦૧૮.

<u>આમુખ :</u>

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરનાં ઠરાવથી આયોગ દ્વારા આયોજીત વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓની પરીક્ષાઓ માટે ઉમેદવારી કરતાં ઈમરજન્સી કમિશન્ડ ઓફીસર અને શોર્ટ સર્વિસ કમિશન્ડ ઓફીસરને અરજીપત્રકની કિંમત(પોસ્ટલ ચાર્જીસ સહિત) અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ તેમજ આયોગ દ્વારા સીધી પસંદગી/સાક્ષાત્કાર દ્વારા ભરતીની જગ્યાઓ માટે અરજીફી માંથી મુક્તિ આપવા અંગેની સુચનાઓ આપવામાં આવેલ છે.

The Gujarat Civil Services(Reservation of vacancies for ex-servicemen in class III and class IV posts and service) Rules, 1975 પ્રસિદ્ધ કરવામાં આવતાં, આ નિયમો હેઠળ ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરનાં ઠરાવથી માજી સૈનિકોને વર્ગ-૩ની જગ્યાઓ માટેની પરીક્ષા અથવા સાક્ષાત્કાર માટે લાયક માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપતી અગાઉની સુચનાઓ નવેસરથી અમલમાં આવેલ નિયમો-૧૯૭૫ને લાગુ પાડવા માટે પુનઃ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ભારત સરકાર દ્વારા the Ex-servicemen (Re-employment in Central Civil Services and Posts) Rules, 1979માં તા.૦૪/૧૦/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક : 36034/1/2006-Estt.(Res.) થી the Ex-serviceman (Re-employment in Central Civil Services and Posts) Amendment Rules, 2012 થી અમુક સુધારા આમેજ કરવામાં આવેલ, તદઅન્વયે ગુજરાત રાજ્યના માજી સૈનિકો માટેનાં The Gujarat Civil Services(Reservation of vacancies for ex-servicemen in class III and class IV posts and service) Rules, 1975, પ્રવર્તમાન નિયમો, વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ માટે અલગથી ઠરાવ/પરિપત્રથી અપાયેલ સુચનાઓ તેમજ ભારત સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નવા સુધારા સાથેની તમામ જોગવાઈઓનો રાજ્ય

સરકારમાં જરૂરિયાત અનુસાર ફેરફાર સાથે સંકલિત કરી વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરનાં તા.૨૨/૦૧/૨૦૧૮નાં જાહેરનામાથી નવા નામાભિધાન સાથે The Gujarat Ex-Servicemen (Recruitment to State Civil Services and Posts) Rules, 2018 થી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તદઅન્વયે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨) પરનાં ઠરાવોથી માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત(પોસ્ટલ ચાર્જીસ સહિત), અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપતી સુચનાઓને ટેકનીકલ કારણસર / વહીવટી સરળતા માટે પુન: પ્રસિદ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ

રાજ્ય સરકાર દ્વારા તા.૨૨/૦૧/૨૦૧૮નાં જાહેરનામાથી The Gujarat Ex-Servicemen (Recruitment to State Civil Services and Posts) Rules, 2018 હેઠળ માજી સૈનિકોને રાજ્ય સરકારની વર્ગ-૧ થી વર્ગ-૪ની તમામ જગ્યાઓની સીધી ભરતીનાં પ્રસંગે મળવાપાત્ર વયમર્યાદામાં છૂટછાટ અને અનામત અંગેનાં નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ઉક્ત નિયમોની વ્યાખ્યાને આધારે નિયત થતાં માજી સૈનિકોને ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય અધિકૃત ભરતી સંસ્થા કે સત્તાધિકારી દ્વારા આયોજીત તમામ સીધી ભરતીની જગ્યાઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષા અથવા સીધી પસંદગી માટે ચુકવવાપાત્ર અરજીપત્રકની કિંમત(પોસ્ટેજ ચાર્જીસ સહિત), અરજી ફી અને પરીક્ષા ફી માંથી મુક્તિ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. સચિવાલયનાં તમામ વહીવટી વિભાગોને તેમનાં તાબાની જગ્યાઓ સંબંધે આ સુચનાઓનું પાલન કરવા જણાવવામાં આવે છે, તેમજ તેમનાં તાબા હેઠળનાં જાહેર ક્ષેત્રનાં ઉપક્રમો અને સ્થાનિક સંસ્થાઓને પણ આ સુચનાઓ આપવા જણાવવામાં આવે છે.

૩. આ સુચનાઓ પંચાયત હેઠળની જગ્યાઓ અને સેવાઓને પણ લાગૂ પડશે.

૪. આ સુચનાઓ સમાન ક્રમાંકની આ વિભાગની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૧/૦૬/૨૦૧૮નાં રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(જ્વલંત ત્રિવેદી)
અધિક સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન. નાયબ મુખ્યમંત્રીશ્રીનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.

- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
- ❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, હિમાલયા મોલ નજીક, વસ્ત્રાપુર, અમદાવાદ.

સચિવાલયાનાં તમામ વહીવટી વિભાગો તરફ તેમનાં તાબા હેઠળનાં ખાતાનાં વડા અને કચેરીનાં વડાને જરૂરી સુચનાઓ આપવાની વિનંતી સહ.

સા.વ.વિ.નાં સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ

કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ GSWAN વેબસાઈટ પર સા.વ.વિ./ગ-ર શાખાનાં ફોલ્ડરમાં પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.

પસંદગી ફાઈલ

- ❖ પત્ર દ્વારા

ટેક્નીકલ/નોનટેકનીકલ જગ્યાઓ પર સરકારી કર્મચારીઓ/અધિકારીઓને વયનિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂંક બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક : આરઈએમ/૧૦૨૦૧૮/૨૫૩૨૭૭/ગ-૨
સચિવાલય,ગાંધીનગર
તા. ૨૧/૦૫/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) સા.વ.વિ.નો તા.૭-૭-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:આરઈએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ-૨

(૨) સા.વ.વિ.નો તા.૧૭/૦૫/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક:આરઈએમ/૧૦૨૦૧૮/૨૫૩૨૭૭/ગ-૨

પ્રસ્તાવના :-

સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી ટેક્નીકલ/નોનટેકનીકલ જગ્યાઓ પર સરકારી કર્મચારીઓ/અધિકારીઓને વયનિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂંક આપવા બાબતે સૂચનાઓ પ્રસિદ્ધ કરેલ છે. સચિવાલયનાં નિવૃત્ત અધિક સચિવ તથા સંયુક્ત સચિવશ્રીઓને અપાયેલી કરાર આધારિત નિમણૂંક દરમ્યાન તેઓની નિવૃતિ સમયના પે-બેન્ડ +ગ્રેડ-પે ના ૬૦%(છઠ્ઠા પગાર પંચ મુજબ) માસિક એકત્રિત વેતન તરીકે ચુકવવામાં આવે છે. જેમાં ફેરફાર કરી સચિવાલય સેવા/સંવર્ગનાં નિવૃત્ત અધિક સચિવ તથા સંયુક્ત સચિવશ્રીઓને વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક દરમ્યાન ફીક્સ માસિક વેતન આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

## -:ઠરાવ:-

સરકારશ્રી દ્વારા કાળજીપૂર્વકની વિચારણાને અંતે સા.વ.વિ.ના તા.૭-૭-૨૦૧૬ના ઠરાવની બોલીઓ અને શરતોની શરત ક્રમાંક (૧) બાદ શરત ક્રમાંક ૧(અ) નીચે મુજબ ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**(૧)(અ)** સચિવાલય સેવા/સંવર્ગનાં નિવૃત્ત અધિક સચિવ તથા સંયુક્ત સચિવશ્રીઓને તેઓની વયનિવૃત્તિ બાદની કરાર આધારિત નિમણૂંક દરમ્યાન તેઓની નિવૃતિ સમયના પે-બેન્ડ+ગ્રેડ-પે ના ૬૦%(છઠ્ઠા પગાર પંચ મુજબ) માસિક એકત્રિત વેતનને બદલે નીચે મુજબ કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ માસિક ફીક્સ વેતન નિયત કરવામાં આવે છે.

| ક્રમ | કેડર | ચુકવવાની માસિક ઉચ્ચક રકમ |
|---|---|---|
| ૧ | સંયુક્ત સચિવ | રૂ.૭૫,૦૦૦/- (પંચોતેર હજાર પુરા) |
| ૨ | અધિક સચિવ | રૂ.૮૦,૦૦૦/- (એંસી હજાર પુરા) |

૨. ઉકત હુકમનો અમલ ઠરાવ પ્રસિધ્ધ થયાના તારીખથી કરવાનો રહેશે.

૩. ઉપર્યુક્ત સૂચનાઓ સચિવાલયનાં વહીવટી વિભાગો અને તેનાં નિયંત્રણ હેઠળના ખાતાં/કચેરીના વડાને ધ્યાને મૂકવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જ્વ. પ્ર. ત્રિવેદી

(જ્વલંત ત્રિવેદી)
અધિક સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ. (વસ્ત્રાપુર, હિમાલયા મોલની સામે)
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
* સચિવાલાયના તમામ વિભાગો. (તેમના તાબાના ખાતાના વડાઓ/કચેરીના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/અધિકારીઓ
પસંદગી ફાઇલ
*પત્ર દ્વારા

ટેક્નીકલ/નોનટેકનીકલ જગ્યાઓ પર સરકારી કર્મચારીઓ / અધિકારીઓને વયનિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂંક બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:આરઈએમ/૧૦૨૦૧૮/૨૫૩૨૭૭/ગ-૨
સચિવાલય,ગાંધીનગર
તા. ૧૭/૦૫/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧)આ.પ.ક.વિ.નો તા.૪-૨-૨૦૦૯ના ઠરાવ ક્રમાંક:-એમસીજી/૧૦૦૬/૪૨૧૬/વ

(૨)સા.વ.વિ.નો તા.૭-૭-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:આરઈએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ-૨

પ્રસ્તાવના :-

સા.વ.વિ.ના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૨) પરના ઠરાવથી ટેક્નીકલ/નોનટેકનીકલ જગ્યાઓ પર સરકારી કર્મચારીઓ/અધિકારીઓને વયનિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂંક આપવા બાબતે સૂચનાઓ પ્રસિદ્ધ કરેલ છે. તેમજ આ.પ.ક.વિ.ના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી રાજ્ય સરકાર હેઠળના તબીબી સેવા/તબીબી શિક્ષણ/જાહેર આરોગ્ય પ્રભાગ હસ્તકના તબીબી શિક્ષકો અને તબીબોની નિવૃત્તિ વયમર્યાદા ૫૮ને બદલે ૬૨ વર્ષ કરેલ છે. જ્યારે સા.વ.વિ.ના તા.૭-૭-૧૬ના ઠરાવથી વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક ૬૨ વર્ષ સુધી આપી શકાય છે. તે બાબતે ધ્યાને લઈને તબીબી શિક્ષકો અને તબીબોની વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

## -:ઠરાવ:-

સરકારશ્રી દ્વારા કાળજીપૂર્વકની વિચારણાને અંતે સા.વ.વિ.ના તા.૭-૭-૨૦૧૬ના ઠરાવના ફકરા-(૪) બાદ ફકરા-(૪)અ અને શરતો બોલીઓની શરત ક્રમાંક (૬) બાદ શરત ક્રમાંક ૬(અ) નીચે મુજબ ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૪)(અ)આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તબીબી સેવા/તબીબી શિક્ષણ/જાહેર આરોગ્ય પ્રભાગ હસ્તકના વર્ગ-૧ અને વર્ગ-૨ના તબીબી શિક્ષકો અને તબીબો કે જેઓની નિવૃત્તિ વય

ઉપર્યુક્ત સૂચનાઓ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને તેનાં નિયંત્રણ હેઠળના ખાતા/કચેરીના વડાને ધ્યાને મૂકવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જ્વ.ત્રિવેદી.

(જ્વલંત ત્રિવેદી)
અધિક સચિવ (ક.ગ)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ. (વસ્ત્રાપુર, હિમાલયા મોલની સામે)
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
*અ.મુ.સ.શ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગસચિવાલય, ગાંધીનગર
સચિવાલાયના તમામ વિભાગો. (તેમના તાબાના ખાતાના વડાઓ/કચેરીના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/અધિકારીઓ
પસંદગી ફાઇલ
*પત્ર દ્વારા

એડહોક બઢતી આપવા અંગે.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાકઃએસએલટી-૧૦૨૦૧૮-૧૬૨૮૧૪-ગ.૨
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૭/૦૪/૨૦૧૮

વંચાણે લીધાઃ- (૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૦૯/૧૯૮૧ના ઠરાવ ક્રમાંકઃ એસએલટી-૧૦૮૦-૮૯૫-ગ.૨
(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૨/૦૪/૧૯૮૩ના ઠરાવ ક્રમાંકઃ એસએલટી-૧૦૮૦-૮૯૫-ગ.૨
(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૧૦/૧૯૯૩ના ઠરાવ ક્રમાંકઃ એસએલટી-૧૦૮૦-૮૯૫-ગ.૨

# પરિપત્ર

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ઉપરના ક્રમ નં. (૧) પરના ઠરાવથી કર્મચારી/અધિકારી સામે ખાતાકીય તપાસ ચાલુ/પડતર હોય તે સંજોગોમાં બઢતી સમિતિ ધ્વારા સંબંધિત કર્મચારી/અધિકારીને મોહરબંધ પરબીડિયામાં ભલામણ રાખવામાં આવે છે. અને બે(૨) વર્ષ બાદ વંચાણે લીધા ક્રમ નં. (૨) અને (૩) પરના ઠરાવોની જોગવાઇને ધ્યાને લઇને એડહોક બઢતી આપવાની વિચારણા કરવામાં આવે છે. પરંતુ કોઇ સંજોગોમાં કર્મચારી/અધિકારી સામે ચાલતી ખાતાકીય તપાસ લાંબાગાળા સુધી ચાલુ રહેવાના લીધે તેના સાથેના કર્મચારી/અધિકારીઓને બીજા તબકકાની બઢતી આપવાના પ્રસંગે સંબંધિત કર્મચારી/અધિકારીને બીજા તબકકાની બીજી એડહોક બઢતી અંગે શું વિચારણા કરવી તે બાબતે રાજય સરકાર ધ્વારા નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

૨. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૦૯/૧૯૮૧ની સૂચનાને ધ્યાને લઇને જો બઢતી સમિતી ધ્વારા કર્મચારી/અધિકારીને બઢતી સમયે ખાતાકીય તપાસના લીધે મહોબંધ પરબીડિયામાં ભલામણ રાખેલ હોય અને બે વર્ષ બાદ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૨/૦૪/૧૯૮૩ અને તા.૩૦/૧૦/૧૯૯૩ના ઠરાવની જોગવાઇ અંતગર્ત એકવાર એડહોક બઢતી આપેલ હોય અને ત્યારબાદ જો કર્મચારી/અધિકારીની ખાતાકીય તપાસ ચાલુ/પડતર અથવા કોર્ટમાં કેસ પડતર હોવાને લીધે એડહોક બઢતી નિયમિત થયેલ ન હોવાથી તેઓને સંબંધિત સંવર્ગની પ્રવરતાયાદીમાં સ્થાન પ્રાપ્ત થતુ નથી. તેવા સંજોગોમાં આવા સંબંધિત કર્મચારી/અધિકારીને બીજી એડહોક બઢતી અંગે વિચારણા કરવાની રહેશે નહીં.

૩. ઉપરોકત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા સચિવાલયના સર્વે વિભાગોને સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જવલંત ત્રિવેદી)

અધિક સચિવ(ક.ગ),
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. નાયબ મુખ્યમંત્રીશ્રીનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.

- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
- ❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, હિમાલયા મોલ નજીક, વસ્ત્રાપુર, અમદાવાદ.

સચિવાલયાનાં તમામ વહીવટી વિભાગો તરફ તેમનાં તાબા હેઠળનાં ખાતાનાં વડા અને કચેરીનાં વડાને જરૂરી સુચનાઓ આપવાની વિનંતી સહ.

સા.વ.વિ.નાં સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ

કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ GSWAN વેબસાઈટ પર સા.વ.વિ./ગ-૨ શાખાનાં ફોલ્ડરમાં પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.

પસંદગી ફાઈલ

❖ પત્ર દ્વારા.

ગુજરાત જાહેર સેવા આયોગ સાથે સીધો
પત્ર વ્યવહાર ન કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક.પીએસસી/૨૦૧૮/૧૨૮/ગ-૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૩/૦૨/૨૦૧૮

વંચાણે લીધાઃ- (૧) સા.વ.વિ.નો તા.૧૮/૦૧/૧૯૮૩ નો પરિપત્ર ક્રમાંકઃપીએસસી-૧૦૮૨/૨૭૮૫/ગ-૨.
(૨) સા.વ.વિ.નો તા.૦૬/૦૪/૧૯૮૪ નો પરિપત્ર ક્રમાંકઃપીએસસી-૧૦૮૪/૧૫૦૨/ગ-૨.
(3) ગુજરાત જાહેર સેવા આયોગનો તા.૨૩/૦૧/૨૦૧૭ નો પત્ર ક્રમાંક: પરત-૨૦૧૭૧૮-૧૩૩-૨જી

પરિપત્ર

સામાન્ય વહીવટ વિભાગના ઉપરના ક્રમાંક (૧) અને (૨) થી વંચાણે લીધેલ પરિપત્રથી ગુજરાત જાહેર સેવા આયોગ સાથે સચિવાલયના વિભાગો સિવાયના ખાતાના વડાઓ બારોબાર પત્ર વ્યવહાર કરી શકે નહીં, તેમજ જે તે હુકમોની નકલ પણ બારોબાર મોકલી શકે નહીં તેવી સુચના આપેલ છે. આમ છતા ખાતાના વડાની કચેરી/તાબાની કચેરીઓ દ્વારા બઢતી, બદલી તથા અન્ય પ્રકારના હુકમોની નકલો આયોગને બારોબાર મોકલે છે તેવું ધ્યાન પર આવેલ છે.

આથી, સર્વે ખાતાના વડા/કચેરીઓના વડાઓને સૂચના આપવામાં આવે છે કે હવે પછી કોઇપણ સંજોગોમાં બારોબાર જાહેર સેવા આયોગ સાથે પત્રવ્યવહાર કરવો નહીં આવો પ્રશ્ન ઉપસ્થિત થાય તો સચિવાલયના સંબંધિત વિભાગ મારફતે જ પત્ર વ્યવહાર કરાવવો.

ઉક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની જરૂરી સૂચના આપવા માટે સચિવાલયના વિભાગોને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જ્વલંત ત્રિવેદી)
સંયુક્ત સચિવ (ક.ગ)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ. (વસ્ત્રાપુર, હિમાલયા મોલની સામે)
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો. **(તેમના તાબાના ખાતાના વડાઓ/કચેરીના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)**
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/ અધિકારીઓ
પસંદગી ફાઇલ
*પત્ર દ્વારા

**NOTIFICATION**
**General Administration Department,**
**Government of Gujarat**
**Sachivalaya, Gandhinagar.**
**Dated the 22nd January, 2018.**

**Constitution of India** **No. GS/2018-(2)-RES-1085-3433-G2**: In exercise of the powers conferred by the proviso to article 309 of the Constitution of India read with the order of the President of India issued under the Ministry of Home Affairs' Order No. GSR-35-E, dated the 9th February, 1974, the Governor of Gujarat hereby makes the following rules for regulating the recruitment of Ex-Servicemen in the Gujarat state civil services and posts, namely :-

1. Short title, commencement and period of operation :- These Rules may be called the Gujarat Ex-Servicemen (Recruitment to State Civil Services and Posts) Rules, 2018.
2. Definitions :- In these rules, unless the context otherwise requires :-
   (a) "Armed Forces of the Union" means the Naval, Military or Air Forces of the Union;
   (b) "Disabled Ex-Serviceman" means an Ex-Serviceman who while serving in the Armed Forces of the Union was disabled in operations against the enemy or in disturbed areas;
   (c) An "Ex-Serviceman" means a person, -
      (i) who has served in any rank whether as a combatant or non-combatant in the Regular Army, Navy and Air Force of the Indian Union, and
         (a) who either has been retired or relieved or discharged from such service whether at his own request or being relieved by the employer after earning his or her pension; or
         (b) who has been relieved from such service on medical grounds attributable to military service or circumstances beyond his control and awarded medical or other disability pension; or

(c) who has been released from such service as a result of reduction in establishment;

or

(ii) who has been released from such service after completing the specific period of engagement, otherwise than at his own request, or by way of dismissal, or discharge on account of misconduct or inefficiency and has been given a gratuity; and includes personnel of the Territorial Army, namely, pension holders for continuous embodied service or broken spells of qualifying service;

or

(iii) personnel of the Army Postal Service who are part of Regular Army and retired from the Army Postal Service without reversion to their parent service with pension, or are released from the Army Postal Service on medical grounds attributable to or aggravated by military service or circumstance beyond their control and awarded medical or other disability pension;

or

(iv) Personnel, who were on deputation in Army Postal Service for more than six months prior to the 14th April, 1987;

or

(v) Gallantry award winners of the Armed forces including personnel of Territorial Army;

or

(vi) Ex-recruits boarded out or relieved on medical ground and granted medical disability pension.

(d) "Reserved Vacancies" means vacancies reserved under rule 4 for being filled by Ex-Servicemen.

Application :- These rules shall apply to all the Gujarat State Civil Services and Posts.

4. Reservation of Vacancies :-

(1) One percent of the vacancies in Class I and Class II posts, ten percent of the vacancies in Class III posts and twenty percent of the vacancies in Class IV posts, including permanent vacancies filled initially on a temporary basis and temporary vacancies which are likely to be made permanent and/or are likely to continue for three months and more, to be filled in by direct recruitment in any year shall be reserved for being filled by Ex-Servicemen :

Provided that the percentage of reservation so specified for Ex-Servicemen in a category of posts shall be increased or decreased in any one recruitment year to the extent to which the total number of vacancies reserved for Ex-Servicemen, scheduled casts and scheduled tribes (including the carried forward reservations for scheduled casts and scheduled tribes) and for any other categories taken together falls short or is in excess, as the case may be, of fifty percent of the vacancies in that category of posts filled in that year :

Provided further that in case of an increase in the reservation for the Ex-Servicemen under the preceding proviso, the additional vacancies so made available for them shall be utilised first for the appointment of disabled Ex-Servicemen and if any such vacancies still remain unfilled thereafter the same shall then be made available to other Ex-Servicemen.

(2) The Scheduled Castes, the Scheduled Tribes and the Other Backward Class candidates selected against the vacancies reserved for Ex-Servicemen shall be adjusted against vacancies reserved for Scheduled Castes, Scheduled Tribes and Other Backward Classes, respectively :

Provided that if the Scheduled Caste or the Scheduled Tribe or the Other Backward Class Ex-Servicemen is selected against the vacancy reserved for Ex-Servicemen and vacancy reserved for the Scheduled Castes or the Scheduled Tribes or the Other Backward

Classes, as the case may be, is not available to adjust such Ex-Serviceman, he shall be adjusted in future against the next available vacancy reserved for the Scheduled Castes or the Scheduled Tribes or the Other Backward Classes, as the case may be.

(3) No vacancy reserved for Ex-Servicemen in a post to be filled otherwise than on the results of an open competitive examination shall be filled by the appointing authority by any general candidate, until and unless the said authority has obtained a 'Non-availability Certificate' from the Employment Exchange (Where a requisition is placed on an Employment Exchange) or the Director, Sainik Welfare, Gujarat.

5. Special provision regarding age limit :-

(a) For appointment to any vacancy in class III and class IV posts in the Gujarat Government, an Ex-Serviceman shall be allowed to deduct the period of actual military service from his actual age and if the resultant age does not exceed the maximum age limit prescribed for the post for which he is seeking appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit.

(b) For appointment to any vacancy in Class I and Class II services or posts filled by direct recruitment, the upper age limit shall be relaxed by the length of military service increased by three years in the case of Ex-Serviceman and Commissioned Officers including Emergency Commissioned Officers or Short Service Commissioned Officers who have rendered at least five years military services and have been released :-

(i) on completion of assignment (including those whose assignment is due to be completed within one year) otherwise than by way of dismissal or discharge on account of misconduct or inefficiency; or

(ii) on account of physical disability attributable to military service or on invalidment.

6. Special provision regarding educational qualification :-

(1) For appointment to any reserved vacancies in the Class IV posts of peon, Daftry, Jamadar and Record Sorter every Ex-Serviceman, who has put in not less than three years' service in the Armed Forces of the Union shall be exempted from the prescribed educational qualification.

Explanation :- In computing, for the purpose of this sub-rule, the period of service which a person has put in, in the Armed Forces of the Union any period during which he served in a Civil Department of the Government of India shall be included.

(2) For appointment to any reserved vacancy in the Class IV posts other than those referred to in sub-rule (1) the appointing authority may at its discretion relax the minimum educational qualifications, if any prescribed in respect of such posts in favour of Ex-Servicemen who are otherwise eligible for appointment to such posts.

(3) For appointment to any reserved vacancies in class III posts, a matriculate Ex-Servicemen (which term includes an Ex-Serviceman, who has obtained the Indian Army Special Certificate of Education or the corresponding certificate in the Navy or the Air force), who has put in not less than fifteen years' service in the Armed Forces of the Union may be considered eligible for appointment to the posts for which the essential educational qualification prescribed is graduation and where -

(a) work experience of technical or professional nature is not essential; or

(b) though non-technical professional work experience is prescribed essential yet the appointing authority is satisfied that the Ex-Serviceman is expected to perform the duties of

the post by undergoing on the job training for a short duration.

(4) For appointment to any reserved vacancies in Class III and Class IV posts, where the prescribed minimum educational qualification is matriculation, the appointing authority may, at his discretion, relax the minimum educational qualifications in favour of Ex-Serviceman who has passed the Indian Army Class I examination or its equivalent examination in the Navy or the Air Force, and who has put in at least fifteen years' service in the Armed Forces of the Union and is otherwise considered fit to hold the post, in view of his experience and other qualifications.

7. Lower standard for selection :- In the case of direct recruitment, if sufficient number of candidates belonging to the Ex-Servicemen are not available on the basis of general standard to fill all the vacancies reserved for them, candidates belonging to the category Ex-Servicemen may be selected under a relaxed standard of selection to make up the deficiency in the reserved quota subject to the condition that such relaxation will not affect the level of performance by such candidates.

8. Amendment of Recruitment Rules :- All rules regulating the recruitment of persons to Class I to Class IV posts and services under the Government of Gujarat shall be subject to the provisions of these rules and shall be construed accordingly.

9. Interpretation :- If any question arises as to the interpretation of these rules, the question shall be referred to the Government in the General Administration Department for decision.

By order and in the name of the Governor of Gujarat,

J. P. Trivedi

(Jwalant Trivedi)

Joint Secretary to Government of Gujarat

To,

- The Principal Secretary to the Hon. Governor, Raj Bhavan, Gandhinagar.
- The Principal Secretary to the Chief Minister.

- The Principal Secretary to the Deputy Chief Minister.
- The Personal Secretaries to all Ministers/Ministers of State.
- The Personal Secretary to the Leader of Opposition Party, Gujarat Legislative Assembly, Gandhinagar.
- The Secretary, Gujarat Legislative Assembly, Gandhinagar.
- The Secretary, Gujarat Public Service Commission, Gandhinagar.
- The Secretary, Gujarat Vigilance Commission, Gandhinagar.
- The Secretary, State Information Commission, Gandhinagar.
- The Registrar, Gujarat High Court, Sola, Ahmedabad.
- The Secretary, Gujarat Civil Service Tribunal, Gandhinagar.
- The Secretary, Gujarat Subordinate Services Selection Board, Gandhinagar.
- The Secretary, Gujarat Panchayat Service Selection Board, Near Himalaya Mall, Ahmedabad.
- All Departments of Secretariate(with a request to give necessary instructions to their Head of Departments / Head of Offices.)
- The Manager, Government Central Press, Gandhinagar - with a request to publish this enclosed Notification in Part-IV-A, Gujarat Government Gazette and send 200(Two Hundred) copies to this department.
- The Legislative and Parliamentary Affairs Department - with a request to publish Gujarati translation of Notification and provide 100(Hundred) copies to this department.
- All officers and all branches of General Administration Department.
- The Select File.
- By Letter